અપીલ અરજી નં.૫૮/૦૮–૦૯ તા. ૧૨–૬–૦૮

અરજદારઃ ડો. બાબુલાલ મોતીચંદ શાહ
સામાવાળાઃ ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી , કતારગામ ઝોન

**હુકમઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ડો. બાબુલાલ મોતીચંદ શાહની તા.૧૨–૫–૦૮ની અરજીથી નિર્માણ ઈન્ડ. એસ્ટેટ અશ્વનીકુમાર સ્મશાનભૂમિની સામે જે પ્લાન કોણે મંજુર કર્યો મંજુર કરતી વખતે સીઓપી મંજુર કરેલ છે કે કેમ? સીઓપીમાં બાંધકામ થયેલ છે કે નહી? જો થયેલ હોય તો ગે.કા.બાંધકામની નોટીસ આપેલ છે કે કેમ? તેની જવાબદારી કોની? તે અંગે પગલાં ભરવા માંગો છો કે નહિ વગેરેની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ– અરજદાર મજકુરની તા.૧૨–૬–૦૮ ની અપીલ અરજી નં.૫૮/૦૮–૦૯

ડો. બાબુલાલ મોતીચંદ શાહની તા.૧૨–૫–૦૮ની અરજીથી નિર્માણ ઈન્ડ. એસ્ટેટ અશ્વનીકુમાર સ્મશાનભૂમિની સામે જે પ્લાન કોણે મંજુર કર્યો? મંજુર કરતી વખતે સીઓપી મંજુર કરેલ છે કે કેમ? સીઓપીમાં બાંધકામ થયેલ છે કે નહી? જો થયેલ હોય તો ગે.કા.બાંધકામની નોટીસ આપેલ છે કે કેમ? તેની જવાબદારી કોની? તે અંગે પગલાં ભરવા માંગો છો કે નહિ વગેરેની માહિતી આપવા બાબતે કરેલ અરજીના અનુસંધાને નોર્થ ઝોન આ.નં.૧૫૦૪ તા.૩૦–૫–૦૮ થી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પાઠવવામાં આવેલ " તા.૧–૭–૯૧ થી શહેર વિકાસ અધિકારી મારફત પ્લાન મંજુર કરવામાં આવેલ છે જેમાં સીઓપી પણ મંજુર કરવામાં આવેલ છે. સીઓપીમાં વર્ષો જુના ઈન્ડ. બાંધકામ તથા ઝુંપડા આવેલ છે આ બાબતે રેકર્ડ મુજબ કોઈ ગેરકાયદ.સર બાંધકામની નોટીસ આપવામાં આવેલ નથી તથા બાંધકામ બાબતે કોઈ જવાબદારી સુરત મહાનગરપાલિકા ધ્વારા નકકી કરવામાં આવેલ નથી" તેવી માહિતી સામે અરજદાર તરફથી માંગ્યા મુજબની માહિતી આપવામાં આવેલ નથી અને મુદ્દાસર જવાબ આપવામાં આવેલ નથી તેવા કારણસર તા.૧૨–૬–૦૮ ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો, માહિતીના ઈન્કાર અંગેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૨૨૫ તા.૧૮–૬–૦૮ ના રોજ ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને નોર્થ ઝોન/૨૪૨૯ તા.૨૭–૬–૦૮ થી અત્રેના વિભાગને મોકલી આપવામાં આવેલ માહિતીમાં કોઈ વિશેષ માહિતી મળેલ નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૨–૫–૦૮ અરજીથી માંગ્યા મુજબની માહિતી બાબતે અરજદારની રજુઆત મળેલ માહિતી માંગ્યા મુજબની આપવામાં આવેલ નથી અને મુદ્દાસર જવાબ આપવામાં આવેલ નથી તેવી કરવામાં આવેલ છે પરંતુ તે અંગે કોઈ આધાર પુરાવા રજુ કરેલ નથી જયારે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને મંજુર પ્લાનની વિગત સીઓપીની મંજુરી અંગેની વિગત ગેરકાયદેસર બાંધકામની નોટીસની વિગત તથા જવાબદારી અંગેની ઉપલબ્ધ દફતરી વિગત અરજદારને પૂરી પાડેલ છે પરંતુ માંગેલ માહિતીના છેલ્લા મુદ્દા સીઓપીમાં બાંધકામ બાબતે પગલાં ભરવા માંગો છો કો નહીં તે અંગે કોઈ માહિતી પૂરી પાડવામાં આવેલ નથી. જેના ઉપલક્ષ્યમાં નહીં પૂરી પાડેલ માહિતી અંગે ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ દફતરી વિગતો પૈકી હકીકતલક્ષી માહિતી કાયદા અને નિયમની જોગવાઈ અનુસાર દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૭ –૦૮.

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧)ડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી,કતારગામ ઝોન..... જાણ તથા અમલ માટે
(૨)શ્રી બાબુભાઈ એમ. શાહ,